विद्यार्थी कुटुम्ब.

સામાજિક ભ્રાતૃભાવ તથા પ્રથમાશ્રમમાં
ઉપજેલા નિર્મળ વિચારોના
નિરન્તર સ્મરણને માટે

રચી

प्रसिद्ध करनार

ગુજરાત ટ્રેનિંગ કોલેજ—અમદાવાદનો
વિદ્યાર્થી સમાજ.

દોહરો.

બહુ ફેલાશે ભારતી, વધશે શૂરને સંપ;
ભરતખંડ તવ દીપશે, મનને વળશે જંપ.

અમદાવાદ—યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ.

સને ૧૮૮૮ ઇસ્વી.
સંવત ૧૯૪૫ વિ.

विद्यार्थी कुटुम्ब.

સામાજિક ભ્રાતૃભાવ તથા પ્રથમાશ્રમમાં
ઉપજેલા નિર્મળ વિચારોના
નિરન્તર સ્મરણને માટે
રચી

प्रसिद्ध करनार

ગુજરાત ટ્રેનીંગ કોલેજ—અમદાવાદનો
વિદ્યાર્થી સમાજ.

દોહરો.

ભલી ફેલાશે ભારતી, વધશે શૂરને સંપ;
ભરતખંડ તવ દીપશે, મનને વળશે જંપ.

અમદાવાદ—યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ.

સને ૧૮૮૮ ઇસ્વી.
સંવત ૧૯૪૫ વિ.

अनुक्रमणिका.

વિદ્યાભ્યાસના સમયને સદૈવ યાદદાસ્તમાં રાખનાર આ લઘુ પુસ્તકમાં નીચેની બાબતોનો સમાવેશ થાયછે.

ઉપોદ્ઘાત.

તરૂણ વયમાં કેળવણી લઈ ભવિષ્યને માટે ઉદ્યોગ શોધતા મનુષ્યે, પ્રથમ જેનું મોટું નામતો સાંભળ્યું હતું પણ તેના વડે થતા પોતે નહિં ધારેલા લાભ મળશે એવા ભાસ પણ મનમાં નહોતો, એવા ગુજરાતી ભાષાના મહાવિદ્યાલયમાં પ્રવેશ કરી, તપશ્ચર્યા પૂર્વક સરસ્વતીનું આરાધન કીધું. દેવીએ કરૂણા કરીને દર્શન દીધું અને પોતાનું ખરૂં સ્વરૂપ અજ્ઞાન ઉપાસકને ઓળખાવ્યું. તેજ સમયથી આ મહાદેવીના પ્રભાવવડે જ્ઞાન મેળવવાના માર્ગનું ભાન થયું.

દેવીના આ મંદિરમાં મુખ્ય અને ઉપગુરૂઓનો તે દેવી પ્રત્યેનો અખંડ ભક્તિભાવ, અને નિયમિત પણું ઈત્યાદિક મહાન્ શુભ ગુણો દૃષ્ટીભૂત થયા. જો તે ગુણોને સારરૂપ સમજી તેમના સહવાસમાં આવેલો મનુષ્ય પોતાના આચરણમાં આણી શકે, તો મનુષ્યત્વ પ્રાપ્ત કરી વિશેષ લાભ મેળવે, એમ અમુક ફળ (ફાયદા)ને ઇચ્છનાર તરૂણજનને સ્પષ્ટ માલુમ પડયું.

પરંતુ આ નવા મળેલા માનસિક જ્ઞાનની રંગિત છાપ હમેશ મન ઉપર કાયમ રહે અને તેના વડે ઉત્પન્ન થએલા અને થતા વિચારોને માત્ર કહેણીમાંજ નહિં, પણ રહેણીમાં લાવવાને બનતો યત્ન કરવાનું મન સાથે ખચિતપણું રહે, એટલા માટે આ લઘુ પુસ્તક પોતાની અમુક સમયની સ્મરણ નોધ તરીકે છે.

દેશોત્કર્ષનાં સાધનો પૈકી એક સાધન કેળવણી ખાતું છે

તે સર્વેના જાણવામાં છે; કારણ કે તેનો મુખ્ય ઉદ્દેશ એછે કે સામાન્ય નીતિ જ્ઞાનનો જેમ બને તેમ ફેલાવો કરવો. માણસોનાં મન વિશાળ થાય તો તેમાં ઘણી ઉપયોગી બાબતો સમાય, અને તે, તેવાં થવાનાં સાધનોમાં ઉત્તમ પુસ્તકો, વર્તમાન પત્રો અને કેળવણી ખાતાનો સમાવેશ થાય છે. સઘળા શિક્ષકો આ ખાતાના અવયવો છે; તો તે અવયવો જેમ સારા અને પોતાનું કામ કરવામાં બલીષ્ઠ હોય, તેમ તે ખાતું પોતાનું કર્તવ્યકર્મ યથાયોગ્ય બજાવી શકે. વળી આ અગત્યની બાબત કાંઇ પરાર્થ કે પરમાર્થને માટેજ છે એમ નથી. એની જોડે સ્વહિત પણ સમાએલુંજ છે. પરંતુ એકલા સ્વહિતપરજ લક્ષ રાખવામાં આવે તો કોઈ વખત સામાન્યહિત (કેળવણીના હેતુ) ને પણ હરકત પોહોંચે છે. આમ ન થાય અને આ વિદ્યાલયમાં મળેલો બોધ હમેશ તેના ખરા સ્વરૂપે પોતાના મનમાં મૂર્ત્તિમાન્ રહે, એમ થવું અગત્યનું છે.

આ મહાવિદ્યાલયમાં પ્રથમ પ્રવેશ કરનાર મનુષ્યે ઉપર ઇશારત દાખલ દર્શાવેલા અણધાર્યા લાભ ઉપરાંત પોતપોતાનું પ્રથમ ધારેલું ઈચ્છિત ફળ (નોકરી) મેળવી જુદા પડવાના સમયે અમુક મુદ્દતના સહવાસીઓના વિયોગથી મનપર કેવી પ્રબળ લાગણી થતી, અને આખી ગુજરાતના જુદા જુદા સ્થળોના, જુદી જુદી ન્યાતના, જુદા જુદા ધર્મના, અને જુદા જુદા સ્વભાવના છતાં, પરસ્પર પ્રીતિ અને ભ્રાતૃભાવ કેવો બંધાયો અને છેવટ સુધી ટક્યો!!!

એવા એક મહાન પ્રસંગને ખુશકારક રીતે યાદ આણવો એ આ લઘુ પુસ્તકનો બીજો હેતુ છે.

અમદાવાદ, ટ્રેનિંગકોલેજ | ગિરજાશંકર મહાશંકર. ત્રવાડી,
તા. ૮-૧૦-૮૮. | સિનિઅર સ્કોલર.

---*---

शिक्षक मंडळ.

મેહેરબાન રા. સા. મહીપતરામ રૂપરામ નીલકંઠ સી. આઈ. ઈ. પ્રિન્સિપાલ સાહેબ.

મહેરબાન રણછોડલાલ લલ્લુભાઈ ખંભાતા બી. એ. વાઈસ પ્રિન્સિપાલ સાહેબ.

મે. મા. સા. રતનલાલ ત્ર્યંબકલાલ.

મે. મા. સા. હરિલાલ નારણજી.

મે. મા. સા. પ્રભુલાલ ઉત્તમરામ.

મે. મા. સા. નરસિંહરામ દુર્લભરામ (ડ્રૉઈંગમાસ્તર).

મે. મુન્શીજી સાહેબ રઝાઉલ્લહસન મુસ્તફાઅલી.

મે. મા. સા. માણેકલાલ આશારામ (પ્રાક્ટીસીંગ સ્કૂલમાસ્તર).

મે. મા. સા. મોતીલાલ કશળચંદ શાહ (એગ્રીકલચર ટીચર)

મે. મા. સા. સોરાબજી મંચેરજી પાવડી (કસરતમાસ્તર).

નમ્ર વિનતિ—સ્કૉલરસમાજ તરફથી અમારા પુજ્ય શિક્ષક મંડળને યાચના છે કે કદાચિત્ અમારી બેસમજ કે બાળચેષ્ટાથી આપને અસંતોષ થવાનું કારણ મળ્યું હોય તો તે દરગુજર કરશો.

वियोग वर्णन.

ગીતિ.

પ્યારા મારા મિત્રો, સારા સર્વે સ્નેહ થકી સુણજો;
આ છે જે મુજ વચનો, ધ્યાને લૈને રૂડું મનન કરજો. ૧
એક બે ત્રણ વર્ષો, સંપે રહ્યા સકળ રૂડી રીતે;
નહીં આડાઈ કાંઈ ગ્રહી બંધુ વાત્સલ્યતા ચિત્તે. ૨

રાગ સીતાજીના મહીનાનો.

અરે આ શી દશા થઈ આમ, દિવસ દુઃખના દિસે;
આ'વી પેરે કરમે વિયોગ, કયારે લખ્યો હશે. ૩
સાથે જમતા રસોડા માંહી, આજે જુદા પડ્યા;
આ કેવા અચાનક ખેલ, સામે આવી અડ્યા. ૪
વળી સાથે લેતા શિક્ષણ, કસરતને ચિત્રરે;
કાંઈ તેમાંનું નહિ આજ, આ વાત વિચિત્રરે. ૫
ખરે થવા કાળ તે થાય, નહીં શોક કામનો;
પરસ્પર આદરભાવ, સદા રહો આપણો. ૬
ભાઈ દિલમાં કેવી વાત, જાણે પ્રભુ માહરો;
પણ કંઈ શાને જાણુ, મારા પ્યારા મિત્ર ઓ. ૭
હું પરધર્મી પરજાત, તમારો સાથીરે;
રહ્યો સંબંધે ત્રણ બે એક, વર્ષ ઓ ભાઈ રે. ૮
થઈ હોય અવજ્ઞા વીર, કૃપાથી વિસારો રે;
તેને મૂકી દો અહીંઆ યાર, પ્રીતિ લઈ સિધારો રે. ૯
કાંઈ મુજ સરખું કાર્ય, લખશો ખુશી થકી;

ખરી પ્રાતિની પરખ, ત્યારે થશે નકી. ૧૦
પ્રભુ પૂર્ણ કરે ઇચ્છાય, મારા સૌ સાથીઓ;
ઓ ચાંપસી આદિ સર્વે, મારા સૌ સ્નેહીઓ. ૧૧
પ્રભુ આપે સુજશ સદાય, એવું હું ઇચ્છુંછું;
તથા રાખે ક્ષેમ ને નેમ, એવું હું માગુંછું. ૧૨
છેવટ અમીર મિયાંની સલામ, સ્વિકારો ભાઈ રે;
ફરી પણ કહુંછું માફ, કરો મારી ચૂક રે. ૧૩

(કેવું અધોરવન આ દિસેછે બંધુ માહરા—એ રાગ.)

કેવાં દયામણાં આ મુખ, દિસેછે બંધુ માહરા. એ ટેક.
છેવટ કાળ સાથનો, આ અહીં કૉલેજમાં;
પ્રભુ મેળવે પ્રભુ અરે, આ રૂડા સમાજમાં. કેવાં દયા૦૧૪
લંકાની જેમ લાડીને, ધોધા તણો સ્વામિજ રે;
આ તેમજ અચાનક પ્રભુ,મેળવેજ અમને તુંય રે. કેવાં દયા૦૧૫
ગયેથી પત્ર પાઠવો, જે થકી પ્રીતિ વધે;
એનીજ અર્ધ મુલાકાત, જાણોછો આપ સર્વ રે. કેવાં દયા૦૧૬
અરે અમીર મિયાં તું રે, હૈયે હામ ધાર રે;
માગ દુઆ તું હંમેશા, સૌ સદા સુખી રહે. કેવાં દયા૦ ૧૭

લલિતછંદ.

હે જગત્ પ્રભુ, દીન શો દિસે, સર્વનાં મુખો, હાસ્યને રસે;
પણ મને જરા ખેદ થાય રે, દુઃખ વિયોગનું ના ખમાયરે. ૧૮
ભણ્યા અને રમ્યા એક પ્રીતથી, રહ્યા સદૈવરે, એક ચિતથી·
હવે જુદા પડ્યા, પ્રીય ભાઈરે, દુઃખ૦ ૧૯

અરર આ શું રે, ઇષ્ટ માહરા, તુજે ગતિ વિષે, કાંઇ ન મણા;
શી રીતથી પ્રભુ, આ સહાયરે. દુઃખ૦ ૨૦
પ્રીય હવે શું હું, રે બહુ કહું, વિનતિ જે કરૂં, ચિત્ત લો સહુ;
પણ કહ્યા થકી, શોક થાયરે. દુઃખ૦ ૨૧
પણ હવે ખરે, હું મુખે કહું, પત્ર લખજો પ્રેમથી સહુ;
અરર શું રે આ, હાલ થાયરે. દુઃખ૦ ૨૨
પ્રાણથી અધિક, સ્નેહી માહરા, અરર શી દશા, શું વદું જરા;
હવે ખરે ખરે, દિલ દુખાયરે. દુઃખ૦ ૨૩

ભુજંગી છંદ.

અરે મિત્ર પ્યારા વદું શું ફરી તે,
વિયોગો તણું દુઃખ જાશે શી રીતે;
કહો કોણ ઉપાયથી પીડ ભારી,
જશે દુઃખ છે વેદના ખેદકારી. ૨૪

શિખરિણી વૃત.

અરે પ્યારા મારા, નહિ નહિ નહિ રે જગતમાં;
હશે બંધુ મિત્રો, *ભિનભિન થશે સહુ પલકમાં.
ખરે ધારો કેવો, કુદરતિ કર્યો છે શું ખલકમાં;
ધૃતિ રાખી ધીરા, નહિ થવું વિયોગે ગરક આં. ૨૫

મણિશંકર ઇચ્છારામ ભટ્ટ.
સેકન્ડ ઇયર સ્કૉલર.

ચોપાઇ ત્રણ તાળની.

મિત્રો તમથી હું છૂટો પડું છું, જેથી વિનતિ આખર કરૂં છું;
પ્રથમ અરજ કરૂં છું હું તમને, માફી માગું છું અતિ તમને. ૨૬

---

* ભિન્નભિન્ન.

મારી ભૂલ થઇ હોય મોટી, તે પર કરશો નહીં કસોટી;
આખર સૌને કરી પ્રણામ, એક આપું નજીવું કામ;
યાદ કોઈ કાળે મુજને કરજો, સેવક મુસે ઉપર રહેમ ધરજો. ૨૭

સ્થીતિ સ્મરણ અને સભા વર્ણન.

છપય છંદ.

શ્રી યુત સભામાં આજ, સ્કૉલરો મળિયા પ્રીતે;
અત્યાનંદ જે થયો, લખું તે શું બહુ રીતે;
મહા મહોત્સવ ઇશ, રચ્યો થઈ અહીંઆં આજે;
દાના મિત્રો મળ્યા, સભા જ્યમ ઇંદ્ર વિરાજે;
વા'લા મિત્રો સૌમન દઈ, મારી આ વિનતિ સૂણો;
દહન કરશો દુરીત તો, જરૂર થશો નીતિનિપુણો. ૨૮

શાર્દુલ વિક્રિડિત વૃત.

પ્રાણાધિ પ્રીતવાન પ્રીતે મળિયા, સ્કૉલર જનો જે બધા;
તેના દર્શનથીજ પામું અતિ હું, આનંદ તો સર્વદા.
રે રે ઈશ કૃપા કરી શુભ દિન, આજે જે આપ્યો તમે;
જેથી સ્તુતિ તારી સારી કરીએ. પ્રોઢી પ્રીતે સૌ અમે. ૨૯

દોહરા.

રહી આપણે એકઠા, કરીયાં જે જે કામ;
નહી વિસરાએ તે કદી, લાયકી તણાં તમામ.
છોડી દીધું જે હતું, નકી કુધારા મૂળ;
ડગવ્યું નહીં મન કોઈએ, જીત્યું સંકટ શૂળ.
ધન્ય વીરો કૉલેજમાં, ફરજ બજાવી સાર;

મંડળી મેળવી, દરરવિ, હતી જેહ સુખકાર.
ચઢી ચઢી ઝોકે પડી, પણ તેનો ઉદ્દેશ;
છે સચવાયો નહીં ગયો, કામ નથી શું બેશ?
અધિક ઉગશે આ થકી, એનારે અકોર;
પડી છાપ અનુયાયીપર, હવે ન થાયજ શોર.

સવૈયા છંદ.

ધન્ય ધન્ય દિવસ આજ તણોછે, ધન્ય ઘડીનેછે શુભવાર;
ધન્ય સાલ અઠ્ઠાશી ઇસ્વી, માસ નવેંબર માનો સાર.
ધન્ય રાજ્યના નેકી નાયક, ધન્ય રાજ ઇંગ્લિશ પૂનિત;
ધન્ય આર્ય ભ્રાતાને, માનું અધિક ઉમંગજ આજ અધિક.
હર્ષ વધ્યો વિવાહથી અદકો, મે'ર કરી શ્રી જગના રાય;
ખાનપાન શુભ ગાન કરીને, ભાષણ કરેછે ભરી સમાજ.
શુભ વક્તા શુભ વાણી વદીને, પવિત્ર પ્રેમ કરેછે પસાર;
ક્રોધ રોષ મન કપટ તજીને, સંપ સજાવે જુક્તિ સાર.
કોઈ વકતા શુભ સુચન કરેછે, વિનય થકી નિજ ભ્રાતાને;
કોઇ સ્વદેશે પ્રીતિ ધરાવે, વળી સમરે જગત્રાતાને;
વાહ પ્રભુ હે તારી દયાથી, આજ થયોછે મંગળાકાર.
પ્રેમ થકી તુજ પાસે માગું, સદાય કરજે જયજયકાર.

(અખેચંદ લાલજી પરમાર.)
ફર્સ્ટ ઇઅર સ્કૉલર.

હરિગીત છંદ.

ગળ્યું મિત્ર મંડળ આજ માનો, પાડ ઇશનો આપણે;
સુખશાંતિમાં ગત વર્ષ ગાળ્યું, માણી મોજો પૂર્ણને.

ઈશ્વર કૃપાથી સૌ મળી, જૂના કુધારા ટાળિયા;
વળી સુખશાંતિમાં રહી, દિવસ સુખે ગાળિયા.
જુજ વાતમાં જ્યાં જોરથી રે, જામતો જુસ્સો ઘણો;
તે ખાળીને વળી ટાળીને, એક્કો કર્યો શુભ સંપનો.
એ સંપથી કરૂણા કરી, સ્કૉલર તણી કમિટી* કરી;
એવા અતિ સુસંપથી, પીડાઓ[1] સઘળી દૂર થઈ.
વળી સ્નેહથી સમાન સૌને, માનને સન્માન તો;
રાખે નહીં કોઈ ભિન્નતા, સૌને ગણી સરખાજ તો.
જેથી નૂર ભાસે, નર સઊમાં મુખડાં તેજી ભર્યાં;
ઉમંગ સૌના અંગમાં છે, રંગ ને ઉલટે ઠર્યાં.
એ સુખનું મૂળ સાનુકુળ છે, ઇશ સૌને આ સમે;
નહીં દુ:ખ સ્વપ્નામાંય, નાહું ક્યાંય આવે અહીં કયમે.
મળ્યું મિત્રનું જે વૃંદ, પ્રગટ્યા ચંદ્ર અહીં આ અભિનવા;
કે વ્યોમથી અહીં ઊતરી, વિબુધ કેરી મંડળિ આ.

મણિશંકર ઇચ્છારામ ભટ્ટ.

अभ्यासनो समय.

રાગ સીતાજીના મહીનાનો.

અર્ધ મૃત્યુ સમ રજની, વિતે જ્યાં પચીશ ઘડી;
ઉઠતા આપણ સર્વે સાથ, ભણતા વિદ્યા ભલી.
ઘણો વાંચ્યા પછી અભ્યાસ, જતા સાબર તીરે;
થઇ શુદ્ધ સ્નાને વીર, ભોજન લેતા ખરે.

---

* મે. માસ્તર સાહેબ હરિલાલભાઇએ.

૧ કુસંપને લીધે ઉત્પન્ન થતા વિરોધની.

પછી જતા કૉલેજ માંહી, લેતાં શિક્ષણ ભલું;
સાંજે પાંચ કલાકે ભ્રાત, વિશ્રામે લેતા ચલુ.
વ્યાયામ કરી સહુ મિત્ર, ભોજન સાથે મળી;
કરતા વાર્તા વિચારો અનેક, રમત ને ગમત વળી.
વાંચી લખી રાત્રે સૌ ભાઈ, નિદ્રાવશ થઈ જતા;
શિવલાલ ભણે એ રીત, દિન માસ વહી જતા.

नवा विचारोनी यादगीरी.

આ મહાવિદ્યાલયના રમ્ય દ્વારમાં પ્રવેશ કરવાને (પ્રવેશક પરીક્ષા આપવાને) તત્પર થએલા તરૂણના મનમાં તે વખતે જે વિચારો ઉપસ્થિત હતા, તેનાથી હવે તદન જુદાજ અને કેટલાક નવા વિચારો તેના મનમાં ચાલુ થએલા છે. તે વખતે જે વાર્તા દુર્લક્ષ્ય હતી તે હાલ લક્ષ્ય થઈ છે, જે વિચારોએ પૂર્વે મનમાં વાસ કરેલો નહોતો તે વિચારોએ હાલ આખા મગજમાં પોતાનો વાસ કર્યોછે ને ટુંકામાં કહું તો મને પ્રફુલ્લ થઈને નવી સ્થિતિ ધારણ કરી છે. આ માર્મિક (વિશેષ ભાવ યુક્ત) વાક્યો ધ્યાન ખેંચે એવાં અને સર્વ મિત્રોએ પોતાની યાદ શક્તિને હમેશને માટે સોંપવા લાયકછે.

શું આ લખવું અઘટિત કે કાંઈ અતિશયોક્તિવાળું છે? ના. ખરેખર જેમ દુર્ઘટ તિમિર સૂર્ય–પ્રકાશવડે નાશ પામીને અનેક ચમત્કાર અને કુદરતી લીલા દૃષ્ટિગોચર થાયછે, તેમ પેહેલાંના ભૂલ ભરેલા વિચારો આ મહાવિદ્યાલયમાં પ્રવેશ કીધા પછી સરસ્વતીની પ્રભાવડે દૂર થયાછે, તથા નવા નિર્મળ વિચારો તેના મનમાં દાખલ થયાછે.

જો તે આ વિચારો મનમાં સદોદિત રાખી તેના મનની હાલની નિર્મળ અને લાભકારી થઈ પડે તેવી અવસ્થા ચાલુ રાખવાને તથા તેમાં વધારો કરવાને યત્નશીલ થાય તો ખરે ખર મનુષ્યત્વના ઘણા ગુણો પોતે પ્રાપ્ત કરે.

આ વિદ્યાલયમાં આવ્યા બાદ આજ સુધીમાં મનપર અનેક છાપો પડીછે અને તે તરૂણ જનનું મન નવા વિચારો અને સુધારા તરફ આકર્ષાઇને અનેક તર્કવિતર્કમાં મગ્ન છે; તે મનસાથે અમુક કાર્યની સિદ્ધિ મેળવવા દૃઢ ઠરાવ કરે છે, નવા ઓળખેલા ઉત્તમ ગુણો પોતાની કહેણીમાં તેમજ કરણીમાં આણી શકે તો વિશેષ લાભકારી છે એમ તે માને છે; અને તે ફાયદો પોતે લેવો એવું ધારેછે પણ હવે તેને જીંદગીના દ્વીતિયાશ્રમમાં અને નવા ધંધામાં પ્રવેશ કરવાનો છે. તેમાં પોતાના વિચારો અને કૃત્યોની સામે સૃષ્ટી–નિયમ અને લોક–વિચાર પ્રમાણે ઘણી અડચણો આવનારી છે; પરંતુ તેઓને જીતી ફતેહમંદ થવું એ વિશેષ પુરૂષાર્થનું કામછે તે તેણે યાદ રાખવું જોઈએ. વળી વિશેષે કરીને ગુજરાતી સુધારકોને માટે કહેવામાં આવેછે કે "કહેવે શૂરા પણ કરવે અધૂરા" આ કહેવતને બનતા પ્રયત્ને ખોટી પાડવી જોઇએ.

"આ જગત્‌માં જન્મીને જે પુરૂષે કાંઇપણ પુરૂષાર્થ કીધું નથી, તેણે પોતાનું આયુષ્ય વ્યર્થ ગુમાવ્યું છે." એ મહાવાક્ય છે; તેને ઉપરની સ્મરણ નોંધમાં ભેળી દેઈ મનમાં નિશ્ચય રાખી હિંદના તરૂણોએ અને તેમાં વિશેષે કરી કેળ-

વાએલા તરૂણોએ હમેશ વર્તવું એ સ્વાર્થ–પરાર્થ–કે પર-માર્થને અતિ લાભકારક છે.

શિવલાલ રણછોડલાલ. મેહેતા,
સિનિયર સ્કૉલર.

નલામણ અને આશિર્વચન.

(અયોધ્યા નગરીનો દશરથ રાયછે એ રાગ.)

પ્રેમી મુજ બંધુ આપણે આજ, સભા ભરી:
તે વિષે ખુશી થઈ, કહું મુજ વેણ જરી. પ્રેમી૦
દિલગીરી અતિશે દિસે. સર્વને ખરેખરી;
જુદા હવે પડશો, આનંદ દિન ગયા સરી પ્રેમી૦
પરંતુ જન્મ ધર્યોછે તમે, સુધારા વિષે;
માટે કરજો સુધારો, કરશે કૃપા ઇશ. પ્રેમી૦
તનમન ધન એજ ગણી, કરો કામ સારૂં;
મેળવો યશ આપ, એવું ઇચ્છે મન માહરૂં. પ્રેમી૦
તમ સંગ ગ્રામ શિશુ, સલાહ સંપથી પ્રિય રહેજો;
આપના વહાલા વિદ્યારથીને, આશિષ દેજો. પ્રેમી૦
કરજો સત્ય ન્યાય, રહો સદાચર્ણથી;
જેથી તમ ખ્યાતિ વધે, પ્રભુના શર્ણથી. પ્રેમી૦
અરસ્પરસ સ્પર્ધા રાખી, લખો પત્ર પ્રીય;
મળવું એથી થશે, જાણજો પ્રેમાધિપ. પ્રેમી૦
એટલું વેણ રંક કહે, આપનો આ દાસ;
પ્રેમ રાખજો મુજ ઉપરે, કહું જોડી હાથ. પ્રેમી૦

નથુરામ સુત મયાશંયર, આભારી દાસ;
પ્રેમ ઉભરો આવ્યો, ન લાવશો કો હાસ, પ્રેમી૦

બનજારા

ધન્ય ધન્ય ધન્ય હે ભાઈ, તમે રાખી સાચી સગાઈ; ટેક.
તમે ઘણોજ પ્રેમ બતાવ્યો, તે મુખે ન જાય ગણાવ્યો.
રૂડી સર્વે રીત ચલાવી, તમે રાખી સાચી સગાઈ. ધન્ય૦
તમે જુઓછો પ્રેમથી જેવું, મન વિષે રાખજે તેવું;
બહુ માન દેતા જે ભાઇ, તમે રાખી સાચી સગાઈ. ધન્ય૦
ક્યાં મળીશું આવી રીતે, વિશ્વાસ ન આવે ચિતે;
તેથી દિલગીરી ઘણી ભાઇ, તમે રાખી સાચી સગાઇ. ધન્ય૦
પણ એક ઉપાય ભલેરો, સુખ ઉપજાવવા કેરો;
તેતો પત્ર તણો હે ભાઇ, તમે રાખી સાચી સગાઈ. ધન્ય૦
ફરી વિનતિ આ શિવલાલે, મને પ્રેમ રાખી ઉચ્ચારે;
સુખ શાંત રહો હે ભાઇ, તમે રાખી સાચી સગાઇ. ધન્ય

ઉપજાતિ છંદ.

જો આપનો પત્ર હું દેખું જ્યારે, ખુશી થઈને વધે હેત ત્યારે;
સહરામાં વારિની તુલ્ય થાય, વાંચેથી પત્રો દિલ શાંત થાય.
માટે ઓ આર્ય બંધુ અમારા, ભૂલો ન પત્રો તમયાર મારા;
અરજ એછે અમિરની આજ, તે યાદ રાખો સૌ આ સમાજ.

દોહરા.

તારક મંડળમાં શશી, શોભા આપે જેમ;
શિક્ષક થઈ ગુજરતામાં, શોભા આપો તેમ.

અતિ ઉત્તમ ઉદ્યોગને, વળજો મારા ભ્રાત;
શિથળ કરો આ દુઃખને, ભજીને જગનો તાત.
યાવચ્ચંદ્ર દિવા કરૌ, તાવત્ રહેજો આપ;
આ પરમાણે આપના, સુખાયુપનું માપ.
સદા સુખી રહો આપ સૌ, દુઃખ ન આવો યાદ;
દુઃખ તણો ઓ ઇશ તું, છોડવજે અપવાદ.

(અમીરમિયાં હમ્દૂમિયાં)

મનહર છંદ.

અરે દયાળુ જગનાથ, અર્જ કરૂં જોડી હાથ;
કરજો સદા સહાય, મારા મિત્ર સાથને.
સદા સુમતિ તું આપ, અને વ્યથા સર્વકાપ;
કુટુંબમાં સુખ સ્થાપ, હૈયે આપી હામને.
સુધારામાં સહાય થઈ, વધારજે મિત્રતાઈ.
જેથી સૌ મંગળ ગાઇ. સ્મરે તારા નામને.
એ ધારી છે તલવાર, ધરે સાર કે અસાર;
સદા ગ્રહે સાર એવી, મતિ આપ એમને.
હિતેચ્છુ રહે સદાય, તેમ કરજે સહાય;
જોઈને વિદ્યા મહાત્મ્ય, ખુશી થાય ચિતને.
આપજે સદા સુજશ, મન પણ રહેવશ;
તથા શિશુ ભણી સારાં, આપે પરિણામને.
મનનાં ઇચ્છિત ફળ, ઇશતું સૌને આપ;
ખુશી રહે સર્વે સહુ, દેખી દેશ ઉન્નતિને.
વાર વાર નમસ્કાર, કરૂં તને વિશ્વાધાર;
કહેછે અમીર સૌને, આપજે સુમતિને.

(વિજય ટેક કેમ તજેરે. એ રાગ.)

ધરો ખરૂં વિદ્યાનુસાર મિત્રો મારા સર્વે તમેરે.
હણો અવિદ્યાનો અંધકાર ,,
તેથી થાશે આ જગમાં ખ્યાત. ,,
ખુશી થાશે તેથી ભારતી માત, ,,
માટે કેળવો બાળકો સાર. ,,
નાશ પામશે તેથી અંધકાર, ,,
રાજદ્વારી બાબતો જેહ, ,,
હિંદવાસી સમજશે તેહ, ,,
ફતેહ થશે નેશનલ કોંગ્રેસ. ,,
એવો રાખશો જો ઉદ્દેશ, ,,
ટળશે વ્હેમ જે દુઃખનું મૂળ. ,,
તેથી નષ્ટ થશે સર્વ શૂળ, ,
માટે લગાડશો ન કહીં વાર, ,,
કરવા સ્વદેશનો ઉદ્ધાર, ,,
કહ્યા છે અક્ષર બેય. ,
પણ ઘણા માર્મિક છેય, ,,
શિવલાલે કહ્યો જે સાર. ,,
ટાંકો મનમાં ન લગાડો વાર. ,,

શાર્દુલ વિક્રિડિત વૃત્ત.

ધંધો સુંદર ધારશો ધિરજથી, ધોકો ન લાગે કદી;
પૃથ્વી ઉપર ઝાડ જેમ જડથી, બાઝયાં બહુ જે સદી.

સજ્જન મિત્રો સાથ સંગત કરી, હકાર નવ આણુશો;
રે રે! મિત્ર પ્રીય અતિ સમજીને,. ઈષ્ટ ઉરે રાખશો.

મણિશંકર ઈચ્છારામ.
સેકન્ડ ઇઅર સ્કૉલર.

ગીતિ વૃત્ત.

ઈશ્વિર તુંજ આધારે, આ દુનીઆમાં મમ બંધુ રહેજો;
મદદ કરી એઓનાં, કાર્યો સહુ સફળ કરજો.

મયાશંકર નથુરામ.
સેકન્ડ ઇઅર સ્કૉલર.

હરિગીત છંદ.

હે જગદીશ નામો શિશ હું વિનતિ કરૂં તુજ વિનવી;
કરૂણાનિધિ કરૂણા કરી ટાળો કુબુદ્ધિ અવનવી.
આ જુજ અરજી માહરી ધ્યાને ધરી ધરણી પતિં;
મુજ ભર્તખંડી ભાઇની ચઢતી કરો આપી મતિ.
દીન દાસની આ વાર પ્રભુ હે નેટ લજ્જા રાખજે;
મુજ રંકની વા'રે ચઢીને કષ્ટ સઘળાં કાપજે.
નિજ પ્રીય ભાઇને વળી તું શુભ પદવી આપજે;
વળી સર્વ ઠામે શુભ કામે વિજય કરી દુઃખ કાપજે.

અખેચંદ લાલજી પરમાર.
ફર્સ્ટ ઈઅર સ્કૉલર.

પદ.

અનાદ્યંત અર્જ આ ફિરમાં આણુ. એ ટેક.
આ સર્વે ભાઇઓ મળીને, કરીએ તારૂં વખાણુ; અના૦

જે અપરાધો અમે કીધાં તે, ક્ષમા કરો ક્ષમાવાન. અના.
આ બાળકો અમ તમારા, કરે સ્તુતિ કૃપાવાન; અના૦
સુકૃતની સુમતિ આપો, જય જય શ્રી ભગવાન. અના૦
કૃપા કરી સર્વ દુઃખજ ટાળો, આપો સુખ નિદાન; અના૦
હે પરમ ઇષ્ટ તમને કરીએ, સદા સાષ્ટાંગ પ્રણામ. અના૦

મણિશંકર ઇચ્છારામ ભટ્ટ.
સેકન્ડ ઈઅર સ્કૉલર.

સમાપ્ત.

સને ૧૮૮૮ ની સાલમાં એ કૉલેજમાં અભ્યાસ કરનારા સ્કાલરોનાં નામ ઠામની યાદી.

નંબર.	નામ તથા અટક.	રહેવાનું ઠેકાણું.	નોકરીની જગાનું નામ તથા તાલુકો અને જીલ્લો.	વિશેષ હકીકત.
૧	ચાંપસી ગુલાબચંદશાહ.	લીમડી.		
૨	લલ્લુભાઈ તુળસીભાઇ પટેલ.	નાપાડ.		
૩	નારણજી લાલભાઇ દેશાઈ.	ટુકવાડા.		
૪	શિવલાલ રણછોડલાલ મહેતા.	પાલણપુર.		
૫	ભાઈલાલ ત્રિકમભાઈ પટેલ.	ઠે. જુના ડેરા પાસે કરમસદ.		
૬	વ્રજલાલ ધનજીભાઇ શાહ.	માતર.		
૭	અમૃતલાલ વિઠ્ઠલદાસ પટેલ.	આવળા.		
૮	મણિશંકર રતનજી ઉપાધ્યાય	હળવદ.		
૯	માધવસંગજી ભગવાનજીરાજ.	અડાસ.		
૧૦	આપાલાલ વિરચંદદાસ પટેલ.	જોટાણા.		

૧૧	શનાભાઇ ગગલભાઇ પટેલ.	ઉંવારસદ.
૧૨	છગનલાલ તલકસિંહ શાહ.	લીંમડી.
૧૩	અમીરમિયાં હમદૂમિયાં ફારૂકી.	અમદાવાદ ખામાશાને ચકલે.
૧૪	છોટાલાલ નરભેરામ દવે.	અસલાલી.
૧૫	વિરચંદ જયસિંહ શાહ.	લખતર.
૧૬	મણીશંકર ઉમીઆશંકર શુકલ.	વઢવાણ.
૧૭	રણછોડજી કલ્યાણજી દેશાઇ.	અબ્રામા.
૧૮	હરિભાઈ ભગવાનદાસ પટેલ.	તોરણા.
૧૯	મગનલાલ ભાઈજી શાહ.	નડીઆદ.
૨૦	ગિરિજાશંકર મહાશંકર ત્રિવેદી.	તોરણા.
૨૧	હરજીવન કલ્યાણજી શુકલ.	સિંથા.
૨૨	ત્રિભોવન અમૂલખ પટણી.	રાધનપુર.
૨૩	મણિલાલ દુર્લભરામ ઠણાક.	મહુધા.
૨૪	ચતુર્ભુજ માણેકચંદ શેઠ.	લખતર.
૨૫	ડાહ્યાભાઇ હરચંદ શાહ.	કાસિંદ્રા.

૨૬	મહીજી બેહેચર પગી.	નાપાડ.
૨૭	છગનલાલ લાલશંકર પરોત.	નાપાડ.
૨૮	ગો.વંદલાલ રણછોડલાલ સરૈયા.	અમદાવાદ.
૨૯	કાલિદાસ ભગવાનદાસ (ધુઆડ)	મોડાસા.
૩૦	સૂર્યરામ પ્રભાશંકર પંડયા.	વડાલી.
૩૧	લલ્લુભાઇ છોટાલાલ.	અમદાવાદ.

ગુજરાતી બીજું વર્ગ.

૧	મોહનલાલ જગજીવનદાસ ત્રવાડી.	સર્ખેજ.
૨	મગનલાલ હિરજી દવે.	રાણપુર.
૩	દલસુખરામ પુંજીરામ દવે.	જોટાસણ.
૪	માણેકલાલ દેવશંકર ત્રવાડી.	સર્ખેજ.
૫	લલ્લુભાઈ જેઠાભાઇ શાહ.	કઠલાલ.
૬	મણિશંકર ઇચ્છારામ ભટ્ટ.	જલાલપુર.
૭	આદરભાઈ અજ્જુભાઈ પટેલ.	ઊંવારસદ.
૮	રણછોડભાઈ મનસુખરામ ઉપાધ્યાય.	કઠલાલ.

૯	નારણભાઈ ખુશાલભાઇ ત્રવાડી.	લસુંદ્રા.
૧૦	કરૂણાશંકર પુરૂષોત્તમદાસ અધ્યારૂ.	સર્ખેજ.
૧૧	ફુલાભાઈ ગિરધરભાઈ પટેલ.	આંકલાવ.
૧૨	રણછોડભાઈ જોરદાસ પટેલ.	બાવળા.
૧૩	પુરૂષોતમ ત્રિકમભાઇ પટેલ.	કરમસદ.
૧૪	વિઠ્ઠલભાઈ મીઠાભાઇ પટેલ.	કરમસદ.
૧૫	રતનજી દુર્લભભાઈ લાડ.	સુંવાલી.
૧૬	હરિભાઇ જીવણજી નાયક.	દેગામ.
૧૭	ચમનલાલ લાલજી પંડ્યા.	પ્રાંતીજ.
૧૮	રેવાભાઈ તુળશીભાઈ પટેલ.	કરમશદ.
૧૯	રામદાસ રણછોડદાસ પટેલ.	કુહા.
૨૦	નાથજી નાનકેશ્વર ત્રવાડી.	લુણાવાડા.
૨૧	મયાશંકર નથુરામ વ્યાસ.	બારડોલી.
૨૨	ત્રિકમલાલ મોતીલાલ અધ્યારૂ.	કોઠ.
૨૩	લક્ષ્મીરામ હરજીવનદાસ પંડયા.	અવિધા.
૨૪	કુબેરદાસ કાલિદાસ વ્યાસ.	પ્રાંતીજ.

૨૫ મોતીલાલ ધનેશ્વર જોશી.	ગાંગડ.
૨૬ જેઠાભાઇ બાપુજી પટેલ.	કરમશદ.
૨૭ રાયચંદ જયચંદ શાહ.	માંકવા.
૨૮ વિશ્વનાથ દલપતરામ વ્યાસ.	અવિધા.
૨૯ દ્વારિકાદાસ જગજીવનશાહ.	કાલોલ.
૩૦ ઉમેદભાઈ લલ્લુભાઇ પટેલ.	કરમસદ.
૩૧ યુસફ અબ્દુર્રેહેમાન ધોબી.	ભુજ (કચ્છ)
૩૨ દેવજીભાઇ વાઘજીભાઇ રાઠોડ.	ભુજ (કચ્છ)
૩૩ વિરચંદ લક્ષ્મીચંદશાહ.	ભુજ (કચ્છ)
૩૪ રણછોડ ખુશાલભાઇ દેશાઈ.	ભદેલી.

ઉર્દુ બીજું વર્ગ.

૧ આદમજી સુલેમાન પટેલ.	સારોદ.
૨ આદમજી કાસિમજી પટેલ.	અંકલેશ્વર.
૩ મૂસે ઉમરજી દેશાઈ.	ધંધુકા.
૪ હસનભાઈ મુહંમદભાઇ પટેલ.	હીંગળોટ.
૫ અલીભાઇ મુહંમદભાઇ પટેલ.	બ્રાહ્મણ ટંકારીઆ.

ગુજરાતી પહેલું વર્ષ.

૧	નિછાભાઈ ભાઈશંકર ભટ્ટ.	ખરસાડ.
૨	લલ્લુભાઇ જીવાભાઈ પટેલ.	સામરખા.
૩	છગનલાલ મોતીરામ ભટ્ટ.	પાલેજ.
૪	વલ્લભભાઈ ત્રિકમભાઈ પટેલ.	કરમશદ.
૫	મોહનલાલ દુર્લભદાસ પટવારી.	ધંધુકા.
૬	નાગરજી કસનજી દેશાઈ.	પરીઆ.
૭	છોટાલાલ ઝવેરદાસશાહ.	નડીઆદ.
૮	વૈજનાથ વિઠ્ઠલદાસ આચાર્ય.	ધંધુકા.
૯	લલ્લુભાઈ લખાભાઈ પટેલ.	કરમશદ.
૧૦	બળદેવ મોતીરામ વ્યાસ.	દેત્રોજ.
૧૧	ઇશ્વરભાઈ નરસિંહભાઇ. પટેલ.	સારસા.
૧૨	હરિભાઇ પ્રાગજી નાયક.	ઊંટડી.
૧૩	ખોડાભાઈ ગોકળભાઈ પટેલ.	ચિખોદ્રા.
૧૪	નિચ્છાભાઈ ફકીરભાઈ નાયક.	સુલતાનપુર.
૧૫	નારણશંકર ગંગાશંકર પંડિત.	અમદાવાદ.

૧૬	સોમેશ્વર લક્ષ્મીરામ જોશી.	ડાકોર.
૧૭	ડાહ્યાભાઈ વિરસિંહ પટેલ.	છીલોદ્રા.
૧૮	પ્રાગજી ભીમભાઈ દેશાઇ.	ભદેલી.
૧૯	પ્રાગજી નરસિંહભાઈ પટેલ.	સારસા.
૨૦	દ્વારિકાંદાસ ફકીરચંદ દેશાઈ.	હાંસોટ.
૨૧	ઝીણાભાઈ બાવાજી રાવળ.	સારસા.
૨૨	છોટાલાલ વજલાલ શાહ.	ધંધુકા.
૨૩	પ્રભુલાલ ત્રિભોવન ઉપાધ્યાય.	પાલણપુર.
૨૪	ચતુરભાઇ અનોપચંદ શાહ.	વિસલપુર.
૨૫	નરસિંહભાઇ નાગરભાઈ ઉપાધ્યાય.	ઢુંઢાકુવો.
૨૬	જીવણજી કલ્યાણજી નાયક.	ઉમરસાડી.
૨૭	ગુલાબરામ રામદાસ શેખ.	દોરા.
૨૮	ચેલદાસ ખોડીદાસ પટેલ.	સીતાપુર.
૨૯	રામભાઈ રણછોડભાઈ દેશાઇ.	ડીટેલ.
૩૦	દયાળજી દુર્લભભાઇ દેશાઈ.	ભદેલી.
૩૧	છોટાલાલ કાશીરામ જાની.	ચકલાશી.

૩૨ મીઠાલાલ મોતીરામ જાની.	ભુણાવાડા.
૩૩ માધવલાલ નથુરામ જોશી.	વારાહી.
૩૪ મોહનલાલ છગનલાલ શાહ.	આણંદ.
૩૫ પ્રેમજી મોતીરામ સાધુ.	કાણોદર.
૩૬ મોતીરામ જીવણરામ શેઠ.	હાંસોટ.
૩૭ ગોપેચંદ લાલજી પરમાર.	બળોધણ.
૩૮ ઈશ્વરલાલ રામજી દવે.	અંજાર.
૩૯ ધર્મદાસ રામદાસ કાપડી.	ભુજ (કચ્છ)
૪૦ લખુભાઈ સદાભાઈ મકવાણા.	ખડાલ.
૪૧ વિશ્વનાથ મકનજી પંડ્યા.	ઓરપાડ.
૪૨ પ્રાગજી હરજીભાઈ દેસાઈ.	મગોદ.
૪૩ મોતીલાલ ગિરધર દશાપોરવાડ.	હાલોલ.
૪૪ વસનજી દયાળજી દેસાઈ.	ભદેલી.
૪૫ જાદવજી દલપતરામ અમદાવાદી.	જંબુસર.
૪૬ ગુલાબરામ રાજારામ દવે.	જોટાસણ.

૪૭ ગીરધર અમથારામ.	મોટી ખંડાલ.
૪૮ શિવલાલ હેમરાજ પટેલ.	રાધનપુર.
૪૯ કરમસિંહ નેણસિંહ શાહ.	ભુજ.
૫૦ આત્મારામ દેવશંકર શાસ્ત્રી.	ભુજ.
૫૧ કાલુબેગ સરદારબેગ મિરઝા.	કનેરા.
૫૨ ભગુભાઇ ગોપાળજી દેશાઈ.	લવાડા.
૫૩ આશાભાઈ રસૂલભાઇ.	બાવળા.

ઉર્દુ પેહેલું વર્ગ.

૧ મુહંમદભાઇ ઉમરજી પટેલ.	સારોદ.
૨ રસૂલબેગ હિસામબેગ ચગદે.	મહુધા.
૩ હસનભાઈ ઉકાભાઇ પટેલ.	ઉમરેઠ.
૪ ઇસેભાઇ સુલેમાન પટેલ.	સારોદ.
૫ ઇમામમિયાં ડોસામિયાં તિરમિઝી.	કાવી.